(મૂળ અંગ્રેજીનું ગુજરાતી ભાષાંતર– કોઈપણ તફાવતમાં મૂળ અંગ્રેજી જાહેરનામું આખરી રહેશે. ચોકકસ સમજણ–અર્થઘટન માટે મૂળ અંગ્રેજી જાહેરનામાને ધ્યાને લેવા સલાહ આપવામાં આવે છે.)

# ફી જાહેરનામું
## ગુજરાત સરકાર
## માર્ગ અને મકાન વિભાગ
## નવા સચિવાલય, ગાંધીનગર
## નં. ટીઓએલએલ/જીએસઆરડીસી/૧૧–૨૦૧૨/૩/પ્રા.
## તા. ૧૯/૦૩/૨૦૨૧

**સરકારી આદેશ :**

ગુજરાત સરકારે ગુજરાત રાજયમાં બાંધકામ, સંચાલન, તબદીલ ના આધારે નાણાં–ધિરાણ, બાંધકામ, નિભાવ અને માળખાના સંચાલન અને અન્ય વિકાસ પ્રાયોજનાઓમાં ખાનગી ક્ષેત્રનું ભાગીદારી કરવા માટે નિયમનકારી માળખું પુરું પાડવા, ગુજરાત આંતર માળખા વિકાસ અધિનિયમ, ૧૯૯૯ (૧૯૯૯ નો ગુજરાત અધિનિયમ નં. ૧૧) ઘડી કાઢયો છે.

૧. ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર (અહીં હવે પછી જેનો ઉલ્લેખ "જીએસઆરડીસી" તરીકે કરવામાં આવે છે) એ, તારીખઃ ૧૭/૦૯/૨૦૦૮ ના રોજ, ભારત સરકારની નિભાવક્ષમતા અંતર ભંડોળ યોજના હેઠળ ગુજરાત રાજયમાં અમદાવાદ–વિરમગામ–માળીયા માર્ગ વિભાગ રાજય ધોરીમાર્ગ નં. ૧૭ અને રાજય ધોરીમાર્ગ નં. ૭ પર ૧૧.૫ કી.મી. થી ૧૯૫. ૦૬૫(સુધારીને કી.મી. ૧૩/૯૩૦ થી ૧૯૪/૬૩૩ કી.મી. કરાયેલ– જુઓ તા. ૨/૪/૨૦૧૨નો સુધારા નં. ૩) ના ખંડને ચારમાર્ગીય કરવા માટે એલ એન્ડ ટી અમદાવાદ–માળીયા ટોલ વે પ્રાઈવેટ લિમિટેડ, જેનું નવું નામ એલ એન્ડ ટી અમદાવાદ–માળીયા ટોલ વે લિમિટેડ (અહીં હવે પછી જેનો ઉલ્લેખ "કન્સેશનર" તરીકે કરવામાં આવ્યો છે) સાથે, નિર્માણ, સંચાલન અને તબદીલીના ધોરણે કરાર કર્યો છે. આ કન્સેશનર આ કન્સેશન કરારની જોગવાઈઓને સુસંગત રહીને સમગ્ર કન્સેશન સમયગાળા સુધી આ પરિયોજના ધોરીમાર્ગની મોજણી, આલેખન, ઈજનેરી, સંપાદન, નાણાં, બાંધકામ, વ્યવસ્થાપન, સંચાલન અને જાળવણી કરવા સંમત થયા છે.

૨. આ કન્સેશન કરારની કલમ–૩ હેઠળ, આ કન્સેશન કરારની કલમ–૩.૧ માં નિયત કરેલા કન્સેશન સમયગાળા માટે કન્સેશનરને આ પરિયોજના નિહિત કરે છે.

૩. કન્સેશન–કરાર અંતર્ગત કન્સેશનરના હકનો સ્વીકાર કર્યા બાદ હવે ગુજરાત સરકાર મંજૂર કરી, જાહેર કરી, આદેશ કરે છે કે કન્સેશનર અથવા તેમના ધ્વારા અધિકૃત કરાયેલ એજન્ટ/ કર્મચારીઓ અહીં નીચે આપેલ ચાર્જની યાદીના ખાના નંબર– ૨ માં જણાવેલ વાહનોની અને આવા વાહનોથી ખેંચાતા ટ્રેલર પાસેથી ખાના ૬,૭ અને ૮ માં દર્શાવ્યા પ્રમાણેનો ચાર્જ નકકી કરી વસૂલ કરશે, એકત્રિત કરશે પોતાની પાસે રાખી તેનો વિનિયોગ કરશે.

કોષ્ટક નં.૧ માં પ્રત્યેક ટોલપ્લાઝાના સ્થળે આવરી લેવાયેલ સળંગ વિસ્તારની લંબાઈ દર્શાવેલ છે.

**( અનુભાગ (૨) અને (૩) માં બે એક્ષલ ટ્રક અને એમ. એ. વી સિવાય)**

| અનુભાગનું નામ | ટોલપ્લાઝા સ્થળ | આવરી લેવાયેલ વિસ્તારની શૃંખલા(કી.મી) | કુલ લંબાઈ (કિ.મી.) | પુરા ન કરાયેલ માર્ગ ઓવરબ્રીજ અને તેના પ્રવેશ માર્ગોના કારણે સુચિત ઘટાડો ( કી.મી.) | ઘટાડા બાદ કુલ લંબાઈ (કિ.મી.) |
|---|---|---|---|---|---|
| સરખેજ–વિરમગામ | ૨૭/૫૪૫ | ૧૩/૯૩૦ થી ૬૧/૪૩૦ | ૪૭.૫૦૦ | - | ૪૭.૫૦૦ |
| વિરમગામ–ધ્રાંગધ્રા | ૮૮/૦૦ | ૬૧/૪૩૦ થી ૧૨૮/૪૩૦ | ૬૭.૦૦ | ૧.૩૬૦ | ૬૫.૬૪૦ |
| ધ્રાંગધ્રા–હળવદ | ૧૩૩/૩૮૮ | ૧૨૮/૪૩૦ થી ૧૫૪/૫૬૮ | ૨૬.૧૩૮ | - | ૨૬.૧૩૮ |
| હળવદ–માળીયા | ૧૮૦/૩૪૫ | ૧૫૪/૫૬૮ થી ૧૯૪/૬૩૩ | ૪૦.૦૬૫ | - | ૪૦.૦૬૫ |
| **અમદાવાદ–માળીયા** | | | ૧૮૦.૭૦૩ | ૧.૩૬૦ | ૧૭૯.૩૪૩ |

**(સેકશન–૨ અને ૩ બે એક્ષલ ટ્રક તથા એમ. એ.વી માટે પુનઃ નિર્ધારીત કર્યા મુજબ)**

| અનુભાગનું નામ | ટોલપ્લાઝા સ્થળ | આવરી લેવાયેલ વિસ્તારની શૃંખલા(કી.મી) | કુલ લંબાઈ (કિ.મી.) | પુરા ન કરાયેલ માર્ગ ઓવરબ્રીજ અને તેના પ્રવેશ માર્ગોના કારણે સુચિત ઘટાડો ( કી.મી.) | ઘટાડા બાદ કુલ લંબાઈ (કિ.મી.) |
|---|---|---|---|---|---|
| વિરમગામ–માલવણ | ૮૮/૦૦ | ૬૧/૪૩૦ થી ૯૧/૬૦૦ | ૩૦.૧૭૦ | - | ૩૦.૧૭૦ |
| માલવણ– હળવદ | ૧૩૩/૩૮૮ | ૯૧/૬૦૦ થી ૧૫૪/૫૬૮ | ૬૨.૯૬૮ | ૧.૩૬૦ | ૬૧.૬૦૮ |
| **અમદાવાદ–માળીયા** | | | ૧૮૦.૭૦૩ | ૧.૩૬૦ | ૧૭૯.૩૪૩ |

# દરની અનુસૂચિ

ગુજરાત રાજય ધોરીમાર્ગ નં. ૭ના ૧૩/૯૩૦ કી.મી. થી ૧૯૪/૬૩૩ કી.મી. નો ઉપયોગ કરનારા પાસેથી વસૂલ કરવાની પાયાની ફી ના **તા. ૧/૪/૨૦૨૧**ના રોજ મુજબ લાગુ પાડવાપાત્ર દર.

ટોલપ્લાઝા ખાતે વિભાગ/ગો શરૂ થતાં હોય ત્યારથી વાણિજિયક ધોરણે ચાલુ થાય તે તારીખથી ફી વસૂલ કરવામાં આવશે.

| અ. નં. | વાહનોનો પ્રકાર | બેઝ(પાયા) ટોલ દર/ફી (રૂપિયામાં) (વાહન દીઠ એકમાર્ગી સફર માટે ફીના દર) એપ્રિલ, ૨૦૨૧ થી કિલોમીટર દીઠ રૂપિયામાં) | વપરાશ દરે આપવાની વાસ્તવિક ફી (એકવારના પ્રવાસ માટે વાહનદીઠ) ૧લી એપ્રિલ–૨૦૨૧ મુજબ આ જાહેરનામાની કલમ ૭.૨ મુજબ ગણી કાઢેલ છે. | | | | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | સરખેજ–વિરમગામ માટે | વિરમગામ–ધ્રાંગધ્રા માટે | ધ્રાંગધ્રા–હળવદ માટે | હળવદ–માળીયા માટે | સરખેજ–માળીયા (એકવારના પ્રવાસ માટે વાહનદીઠ) (રૂા.માં) | |
| ૧ | મોટર ગાડીઓ/ જીપ | ૦.૬૧ | ૬૦ | ૮૦ | ૩૫ | ૫૦ | ૨૨૫ | ગુજરાત સરકાર, માર્ગ અને મકાન વિભાગના પત્ર ક્રમાંકઃ મુ.મ.સ./૧૦/ ૨/ ૦૧૬/ ટો. મુ./ કેબીનેટ/૧૯/ ખા.ક. તા. ૧૨/૦૮/૧૬ થી જણાવ્યા મુજબ ટોલ પ્લા ઝા પર કાર/ જીપ/ વાન/ દ્વિચક્રીય/ ત્રિચક્રીય અને ગુજરાત રાજય માર્ગ પરિવહન નિગમની એસ. ટી. બસને ટોલ ભરવામાંથી મુક્તિ આપવાની રહેશે. |
| ૨ | મિનિ બસ | ૧.૦૭ | ૧૦૫ | ૧૪૫ | ૬૦ | ૯૦ | ૪૦૦ | |
| ૩ | બસ | ૨.૧૩ | ૨૧૦ | ૨૯૦ | ૧૧૫ | ૧૮૦ | ૭૯૫ | |
| ૪ | એલસીવી | ૧.૦૭ | ૧૦૫ | ૧૪૫ | ૬૦ | ૯૦ | ૪૦૦ | |
| ૫ | ૨ એકસેલ વાળો ખટારો | ૨.૧૩ | ૨૧૦ | ૧૩૫ (૩૦.૧૭ કી.મી.) માટે | ૨૭૫ (૬૧.૬૦૮ કી.મી.) માટે | ૧૮૦ | ૮૦૦ | |
| ૬ | એમએવી | ૩.૪૩ | ૩૪૦ | ૨૧૫ (૩૦.૧૭ કી.મી.) માટે | ૪૪૦ (૬૧.૬૦૮ કી.મી.) માટે | ૨૮૫ | ૧૨૮૦ | |

આ ફી, પરિયોજના ધોરીમાર્ગના માર્ગ (કન્સેશન કરારમાં વ્યાખ્યાયિત કર્યા મુજબ) નો ઉપયોગ કરતાં અને ટોલ પ્લાઝામાં પ્રવેશતાં અને પરિયોજના ધોરીમાર્ગ ઉપર પસાર થતાં વાહનો ઉપર, તા. **૧/૦૪/૨૦૨૧** ના રોજ સવારે ૦૦.૦૦ કલાકની અસરથી લેવામાં આવશે.

૪. નીચેના પ્રકારનાં વાહનો ટોલમાંથી બાકાત રહેશે અને "કન્સેશનરે" તેમને ટોલ ચાર્જ વિના સવલતોનો ઉપયોગ કરવા દેવાનો રહેશે.

વીઆઈપી -VIP-નું ચિહ્ન ધરાવતા વાહનો જે સત્તાવાર અધિકૃત રીતે ભારતના નામદાર રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડા પ્રધાન, રાજયોના રાજયપાલો, ઉપ રાજયપાલો, સંઘ પ્રદેશોના રાજયપાલો, મુખ્ય મંત્રીઓ, કેન્દ્ર અને રાજયના મંત્રીઓ, કેન્દ્ર અને રાજય વિભાનસભાના ક્ષેત્રાધિકાર ધરાવતા અધ્યક્ષપદ સંભાળતા પદાધિકારીઓ અને લોકસભા, રાજય સભા અને રાજય વિધાનસભામાં વિરોધપક્ષના નેતાઓ, ભારતની સર્વોચ્ચ અને ઉચ્ચ અદાલતના ક્ષેત્રાધિકાર ધરાવતા જજ, ભારતની મુલાકાતે પધારતા વિદેશી મહાનુભાવો, મોટરકારોમાં સીડી-CD- પ્રતીક ધરાવતા ભારત ખાતે નિયુકત થયેલાં વિદેશી મિશનોના વડાઓ, સાંસદો, ધારાસભ્યો, કેન્દ્ર અને રાજય સરકારના વાહનો, જીએસઆરડીસીના અધિકારીઓ, સ્થળના સંબંધમાં તેમની વૈધાનિક ફરજો બજાવતા પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરવો જરૂરી હોય તેવી વ્યકિતઓ, સ્વતંત્ર પરામર્શક, ગણવેશધારી સશસ્ત્ર દળો, અર્ધ લશ્કરી દળો અને સુરક્ષા દળનાં વાહનો સહિત કેન્દ્ર અને રાજયના દળો, પોલીસ વાહનો, પરમવીર ચક્ર, અશોક ચક્ર, મહાવીર ચક્ર, કીર્તિ ચક્ર,વીર ચક્ર અને શૌર્ય ચક્ર જેવા વીરતા પુરસ્કારોના વિજેતાઓને સક્ષમ સત્તાતંત્રે તેમના પુરસ્કારને અધિકુત કરતું ઓળખપત્ર દર્શાવતાં, જિલ્લા અને તાલુકા પંચાયતના પ્રમુખો, અગ્નિશામક દળનાં વાહનો, એમ્બ્યુલન્સ અને કટોકટી સમયમાં બચાવકામગીરીમાં વપરાતાં વાહનો.

૫. નિર્દિષ્ટ ફી યોગ્ય રીતે ચૂકવ્યા વિના પરિયોજના માર્ગનો ઉપયોગ કરવા માટે ઉપયોગ કર્તાને નિયંત્રિત કરવાનો અથવા પ્રબંધિત કરવાનો કન્સેશનરને અધિકાર છે.

૬. **વ્યાખ્યાઓ:** આ જાહેરનામામાં, અન્યથા સંદર્ભ જરૂરી હોય એ સિવાય,

૧. **"વાસ્તવિક ફી"** એટલે પ્રાયોજના– ધોરીમાર્ગનો દરેક વિભાગ અથવા તેના કોઈ ભાગનો ઉપયોગ કરનાર પાસેથી વસૂલાત કરાતી વાસ્તવિક ફી, જયાં લાગુ પડે ત્યાં સચાણા, હળવદ અને ધ્રાંગધ્રા બાયપાસ અને આ જાહેરનામાની યાદીમાં દરેક વિભાગ માટે આપેલ પાયાની ફી લાગુ પડવાપાત્ર છે.

૨. **"વાણિજિયક સંચાલનની તારીખ"**("COD એટલે, ગુજરાત રાજયના રાજય ધોરીમાર્ગ નં. ૧૭ અને રાજય ધોરીમાર્ગ નં.૭ના ઉકત વિભાગમાં વાણિજિયક કામગીરી શરૂ થઈ હોય તે તારીખ, જે તારીખ સ્વતંત્ર ઈજનેરે સત્તાધિકારી અને કન્સેશનર વચ્ચે કરાર થયો હોય તે કરારની જોગવાઈ મુજબ ઉકત રાજય ધોરીમાર્ગના ઉકત વિભાગની કામગીરી પૂરી થવા અંગે કાર્ય–સમાપ્તિ પ્રમાણપત્ર અથવા કામચલાઉ પ્રમાણપત્ર આપ્યું હોય.;

૩. **"સમાપ્તિ તારીખ"** એટલે સત્તાતંત્ર અને કન્સેશનર વચ્ચે કરવામાં આવેલા કરારની જોગવાઈઓ અનુસાર ઉકત કરારની મુદત પૂરી થાય તે અથવા સમાપ્તિ નોટિસ ધ્વારા કરારની મુદતની પૂરી કરવામાં આવે તે તારીખ;

૪. **"સ્થાનિક યાતાવાત/અવરજવર"** એટલે (અવરજવર/વાહન વ્યવહાર)પ્રાયોજના ધોરીમાર્ગ પર ખાનગી કારમાં આવ–જા કરવાને કારણે રહેતો ટ્રાફીક, પરંતુ અહી શરત એ રહેશે કે (૧) આવી ખાનગી કારની માલિકી જે વ્યતિની હોય તે વ્યકિત ટોલપ્લાઝાથી ૧૫ કી.મી.ના વિસ્તારમાં રહેતો હોય અને (૨) એ વિસ્તારને જોડતો અન્ય કોઈ રસ્તો ન હોય. શંકાને દૂર કરવા સારુ આવા વિસ્તારને જોડતો માર્ગ એ માટે વૈકલ્પિક માર્ગ ગણવોના જોઈએ. જો તેના કારણે પ્રવાસનું અંતર પ્રાયોજના ધોરીમાર્ગ પરના તેને અનુરૂપ અંતરના ૨૦% (વીસ ટકા) થી વધતુ હોય;

૫. **"સ્થાનિક વાણિજિયક ટ્રાફીક"** એટલે ટોલ પ્લાઝા વચ્ચે અને ટોલપ્લાઝાથી બેમાંથી કોઈપણ દિશામાં ૧૫ કિ.મી. ની હદમાં આવેલા કોઈપણ સ્થળ વચ્ચે મોટરગાડી, એલસીવી, બસ અથવા ખટારા ધ્વારા કરવામાં આવતી યથાપ્રસંગ અવરજવર. પરંતુ તેમાં સ્થાનિક ટ્રાફીકનો સમાવેશ થશે નહી;

૬. **"પૂલ/બ્રિજ"** એટલે કન્સેશન કરાર હેઠળ બંધાયેલો, સંચાલિત અથવા જાળવવામાં આવતો હોય એવો કોઈ પણ બ્રિજ, માર્ગ પરનો ઓવર બ્રિજ અથવા અંડર બ્રિજ.

૭. **"બસ"** એટલે એકંદર ૧૨,૦૦૦ (બાર હજાર) કિલોગ્રામથી વધારે વજન ધરાવતું કોઈ પણ ઉતારુ મોટર વાહન;

૮. **"બાહ્યમાર્ગ"** એટલે પરિયોજના ધોરીમાર્ગ ઉપરના કન્સેશન કરાર હેઠળ બંધાયેલા, સંચાલિત અથવા જાળવવામાં આવતા હોય તેવા કોઈ પણ બાહ્યમાર્ગ નો સમાવેશ થાય છે;

૯. **"મોટરગાડી (કાર)"** એટલે તેમાં કોઈપણ મોટર પરિવહન વાહન, મોટરગાડી (કાર), જીપ, વાન,ઓમની બસ, અથવા એકંદર વાહન વજન ૭૫૦૦ (સાત હજાર પાંચસો) કિલોગ્રામથી વધારે ન હોય તેવું ચાર પૈડાંવાળું મોટર પરિવહન, પરંતુ તેમાં મોટર સાઈકલ, ટ્રેકટર અથવા રોડ રોલરનો સમાવેશ થતો નથી;

૧૦. **"કન્સેશન કરાર"** એટલે જીએસઆરડીસી અને કન્સેશનર વચ્ચે પરિયોજના ધોરીમાર્ગના તેમના ખર્ચે મોજણી, આલેખન, ઈજનેરી કામગીરી, સંપાદન, નાણાં, બાંધકામ, વ્યવસ્થાપન, સંચાલન, તથા નિભાવ અંગેની કામગીરી કરવા માટે થયેલો કરાર;

૧૧. **"કન્સેશનર"** એટલે જીએસઆરડીસી સાથે કન્સેશન કરાર કર્યો હોય તે વ્યકિત;

૧૨. **"સરકાર"** એટલે ગુજરાત સરકાર;

૧૩. **"એકંદર વાહન વજન" અથવા "જીવીડબલ્યુ"** એટલે કોઈપણ વાહનની બાબતમાં મોટરવાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ વાહનનું પ્રમાણિત થયેલું અને નોંધાયેલું વાહનનું અને ભારનું કુલ વજન;

૧૪. **"એમએવી અથવા ભારે ખટારો"** એટલે ૨૦,૦૦૦ કિલોગ્રામથી વધારે એકંદર વાહન વજન ધરાવતા માલવાહક ખટારા અને તેમાં ત્રણથી છ એકસેલ ધરાવતા ખટારા અને અર્થ મૂવર સાધનસામગ્રીનો સમાવેશ થાય છે;

૧૫. **"હળવું વાણિજિયક વાહન" અથવા "એલસીવી"** એટલે કોઈ પણ ઉતારુ વાહન અથવા ૭,૫૦૦ કિલોગ્રામથી વધારે એકંદર વાહન વજન ધરાવતું વાહન અને તેમાં ટ્રેઈલર સાથેના ટ્રેકટરનો સમાવેશ થાય છે પરંતુ ટ્રેકટર, બસ, ખટારા (ટ્રક) અથવા ભારે ખટારા (ટ્રક) નો સમાવેશ થતો નથી;

૧૬. **"પરિયોજના ધોરીમાર્ગ" અથવા "ધોરીમાર્ગ"** એટલે કન્સેશન કરાર અંતર્ગત બાંધકામ કરાયેલ, સંચાલન કરાયેલ અથવા નિભાવ કરાતો હોય તેવો કોઈપણ માર્ગ અથવા બાયપાસ ;

૧૭. **"રોડ ઓવરબ્રિજ/અંડરબ્રિજ" અથવા "આરઓબી/આરયુબી"** એટલે એવા રોડ ઓવરબ્રિજ/અંડરબ્રિજ જે રેલવે ટ્રેક (પાટા) ને ઉપરથી /નીચેથી નીકળતા હોય અને આ કન્સેશન કરાર હેઠળ બંધાયેલા, સંચાલિત થતા અથવા જાળવણી કરવામાં આવતા હોય;

૧૮. **"ટોલ"** એટલે આ નિયમો હેઠળ પરિયોજના ધોરીમાર્ગ, બાહ્યમાર્ગ, પૂલ અથવા રોડ ઓવરબ્રિજ/અંડરબ્રિજ અથવા આરઓબી/આરયુબીનો ઉપયોગ કરનારા ધ્વારા ચૂકવવાપાત્ર, કિલોમીટર દીઠ ટોલ ચાર્જ;

૧૯. **"ટ્રેકટર"** એટલે એવું મોટર વાહન, જેને માલસામગ્રી ધકેલવાના/ખેંચવાના હેતુ માટે વપરાતી સાધનસામગ્રી સિવાય કોઈ વજન ઉપાડવા બનાવવામાં ન આવ્યું હોય. તેમાં રોડ રોલરનો સમાવેશ થતો નથી;

૨૦. **"ખટારો/ટ્રક"** એટલે એવું કોઈ પણ માલવાહક વાહન, જે ૧૨,૦૦૦ (બાર હજાર) કિલોગ્રામથી વધારે એકંદર વાહન વજન ધરાવતું હોય, તેમાં રોડ રોલરનો સમાવેશ થાય છે પરંતુ ભારે ખટારાનો સમાવેશ થતો નથી;

૨૧. **"ડબલ્યુપીઆઈ"** એટલે ભારત સરકારના ઉદ્યોગ મંત્રાલય ધ્વારા પ્રકાશિત કર્યા પ્રમાણેના તમામ ચીજવસ્તુઓ માટેનો જથ્થાબંધ કિંમત સૂચકાંક અને તેમાં ડબલ્યુપીઆઈની અવેજીમાં કોઈ સૂચકાંક હોય તો તેનો સમાવેશ થશે.

## ૭. માર્ગકરના મૂળભૂત દરોની વાર્ષિક સુધારણાઃ

૭.૧ માર્ગકરના મૂળભૂત દરોમાં, ૧લી એપ્રિલ–૨૦૦૮થી શરૂ કરીને સતત ૧૫(પંદર)વર્ષના સમયગાળા માટે વાર્ષિક ૩%(ત્રણ ટકા)ના દરે વધારો કરવામાં આવશે ૩ ટકાનો પ્રથમ વધારો૧લી એપ્રિલ–૨૦૦૮ના રોજ અને છેલ્લો અને પંદરમો વધારો ૧લી એપ્રિલ–૨૦૨૨ ના રોજ કરવામાં આવશે.

**માત્ર ઉદાહરણઃ**

૧લી એપ્રિલ–૨૦૦૮ના રોજ શરૂ કરવામાં આવેલ પ્રોજેકટ હાઈવે માટે માર્ગકરનો મૂળભૂત દર કી.મી. દીઠ ૫૧.૫ પૈસા હશે (જયારે બેઝ ટોલ રેટ–૦.૫૦પૈસા હશે)

૭.૨ ઉપર નિયમ ૭.૧હેઠળ કરવામાં આવેલા વાર્ષિક સુધારા ઉપરાંત, લાગુપડવાપાત્ર મૂળભૂત માર્ગકર દરોને સમાયોજિત કરીને દર વર્ષે ૧લી એપ્રિલના રોજ એવી રીતે સુધારવામાં આવશે કે જેથી, ૧લી જાન્યુઆરી–૨૦૦૭ અને આવો સુધારો હાથ ધરવામાં આવ્યો હોય એ વર્ષની ૧લી જાન્યુઆરી વચ્ચેનો WPI નો તફાવત તેમાં પ્રતિબિંબિત થાય., પ્રોજેકટ હાઈવે માટેનો સુધારો નીચે મુજબ હાથ ધરવામાં આવશે.

(ક) પ્રોજેકટ હાઈવે પૂરો થવાના તરત પહેલાની ૧લી એપ્રિલ (' દર સુધાની તારીખ') ના રોજ, નિયમ ૭.૧ હેઠળ લાગુ પડવાપાત્ર માર્ગકરના મૂળભૂત દરોને સમાયોજિત કરીને દર વર્ષે૧લી એપ્રિલના રોજ એવી રીતે સુધારવામાં આવશે કે, જેથી ૧લી જાન્યુઆરી,૨૦૦૭ અને આવો સુધારો હાથ ધરવામાં આવ્યો હોય એ વર્ષની ૧લી જાન્યુઆરી વચ્ચેના WPIનો તફાવત તેમા પ્રતિબિંબિત થાય, આવા પ્રોજેકટ હાઈવે નો ઉપયોગ કરનાર ધ્વારા ચુકવવા પાત્ર મુળભૂત માર્ગકરનો ચાર્જ નકકી કરવા માટેની ફોર્મ્યુલા નીચે મુજબ રહેશે.

$$\text{Basic toll charge} = \text{Base toll rate x } \frac{WPI * A}{WPI * B}$$

જયાં મૂળભૂત માર્ગકર એ પેટા નિયમ(ક)માં નિર્દીષ્ટ કરવામાં આવેલી દર– સુધારાની તારીખના રોજ લાગુ પાડવાપાત્ર મૂળભૂત માર્ગકર છે.

**માત્ર ઉદાહરણઃ**

૧લી એપ્રિલ–૨૦૦૮ના રોજ શરૂ કરવામાં આવેલા પ્રોજેક્ટ હાઈવે માટે, ૧લી જાન્યુઆરી –૨૦૦૭ અને ૧લી જાન્યુઆરી–૨૦૦૮ વચ્ચે WPI માં પટકાનો ફુગાવો ધારી લઈએ તો (૧) ૧લી એપ્રિલ–૨૦૦૭ના રોજ મુજબનો મૂળભૂત માર્ગદર એટલે કે ૫૧.૫ પૈસા અને (૨) પૈસા ઉપર પટકાનો ફુગાવો એટલે કે ૨.૫ પૈસાની ગણતરી કરતાં ૧લી એપ્રિલ–૨૦૦૮ ના રોજ માર્ગકરનો ચાર્જ કી.મી. દીઠ ૫૪ પૈસા થશે.

(ખ) ઉપરના પેટા નિયમ (ક) હેઠળની દર– સુધારાની તારીખ પછીના સમયગાળા માટે, ફુગાવાના કારણે થનાર વાર્ષિક દર– સુધારો ઉપરના પેટા – નિયમ (ક) હેઠળના દર –સુધારા બાદ થયેલા બાદ થયેલા ફુગાવાના દરના ૪૦ટકા (ચાલીસ ટકા) સુધી મર્યાદિત રહેશે અને આવો સુધારો દર વર્ષે ૧લી એપ્રિલના રોજ કરવામાં આવશે. પેટા નિયમ (ખ) હેઠળ માર્ગકર ચાર્જ નકકી કરવા માટેની ફોર્મુલા નીચે મુજબ રહેશે.

$$\text{Toll charge} = b+(c-d)+ b \times \frac{(WPIC-WPIA)}{WPIA} \times 0.4$$

જયાં b એ પેટા નિયમ (ક) મુજબ સબંધિત પ્રોજેક્ટ હાઈવે માટે નકકી કરવામાં આવેલા મૂળભૂત માર્ગકર ચાર્જછે.

c એ દર– સુધારના વર્ષની ૧લી એપ્રિલના રોજ મુજબનો મૂળભૂત માર્ગકર છે.

d એ ઉપરના પેટા – નિયમ (ક) હેઠળ ગણવામાં આવેલા મૂળભૂત માર્ગકર ચાર્જના ભાગરૂપ મૂળભૂત માર્ગકર ચાર્જ છે.

WPI C એ દર– સુધારાના વર્ષની ૧લી જાન્યુઆરી મુજબનો WPI એ છે; અને WPI X A એ ઉપરના પેટા નિયમ (ક) હેઠળ ગણી કાઢવામાં આવેલો WPI છે.

**માત્ર ઉદાહરણઃ**

એપ્રિલ–૨૦૦૮ના રોજ શરૂ કરવામાં આવેલ હાઈવે માટે ૧લી એપ્રિલ–૨૦૦૯ના રોજ કરવાના વાર્ષિક દર ની રકમ (૧) ઉપરના નિયમ ૭.૨(ક) હેઠળ ૧લી એપ્રિલ–૨૦૦૮ના રોજ મુજબનો મૂળભૂત માર્ગકર ચાર્જ એટલે કે ૫૪ પૈસા(૨) નિયમ ૭.૨ હેઠળોન ૧.૫ પૈસાનો વાર્ષિક સુધારો અને (૩) ૧લી જાન્યુઆરી–૨૦૦૮ અને ૧લી જાન્યુઆરી –૨૦૦૯ ની વચ્ચે WPI માં પટકાનો ફુગાવો ધારી લેતાં,આવા ફુગાવાના ૪૦ટકા (ચાલીસ ટકા) એટલે કે ઉપર (૧)ના ૨ ટકા(બે ટકા) એટલે કે ૧.૦૮ પૈસા જેટલી હશે. આમ ૧લી એપ્રિલ ૨૦૦૯ના રોજ મુજબનો માર્ગકર ચાર્જ કી.મી. દીઠ ૫૬.૫૮ પૈસા હશે.

અહી સમાવિષ્ટ કોઈ પણ બાબતથી કઈ વિપરીત હોય તો પણ, કોઈ માર્ગકર ચાર્જીસ લેવામાં અને ઉઘરાવવામાં આવ્યા હોય તે તારીખથી ૬(છ) મહીના પૂરા થાય તે પહેલાં માર્ગકર ચાર્જીસમાં સુધારો કરવાનો થતો હોય ત્યારે ઉપર જણાવેલા છ મહીના પૂરા થાય ત્યાં સુધી આવો દર– સુધારો સ્થગિત રાખવામાં આવશે.

૭.૩ આ કરારની જોગવાઈઓ અને અનુસૂચિ– ન ના નિયમોની જોગવાઈઓથી કંઈ વિપરીત હોય તો પણ, કન્સેશન મેળવનારની ભૂલને કારણે બાંધકામનો સમયગાળો વધારવો પડે અને તે કારણે વાણિજિયક કામગીરીની તારીખ વિલંબમાં મૂકાય એવા કિસ્સામાં વાર્ષિક ફી માં સુધારો કરતી વખતે, બાંધકામના સમયગાળાથી લઈને વાણિજિયક કામગીરીની તારીખ સુધી, બેઝ ટોલ રેટસના વાર્ષિક સુધારમાં થયેલો ૧૦૦ટકા WPI ના વધારાનો તફાવ, આ વધેલા સમયગાળા માટે લાગુ પડવાપાત્ર બનશે નહી. ઉપર ખંડ ૭.૨(ખ)માં નિર્દીષ્ટ કરવામાં આવ્યુ છે તે મુજબ WPI નો ૪૦ટકાનો વધારો બાંધકામના આવા વધારવામાં આવેલા સમયગાળા માટે વાર્ષિક સુધારો કરવા માટે લાગુ પડશે.

## ૮. ભીડ સમય અને ભીડ સિવાયનો (પીક અને ઓફ પીક) માર્ગકર ચાર્જ

૮.૧ કન્સેશનર નિયમ ૮ અનુસાર ભીડના અને ભીડ સિવાયના સમયે, કન્સેશન સમયગાળો શરૂ થવાની તારીખના પાંચ વર્ષ પછી કોઈ પણ સમયે અને જીએસઆરડીસીની પૂર્વ મંજૂરી મેળવ્યા પછી, જીએસઆરડીસી આવી મંજૂરી, તેનાં વિવેકધિકારથી નકારી શકે, પરિયોજના ધોરીમાર્ગના ઉપયોગ માટેના, ભીડના અને ભીડ સિવાયના સમયના અનુક્રમે ઊંચા અને છૂટનાં ("તફાવત ફી") દર નકકી કરી શકે અને ઉઘરાવી શકે.

પરંતુ, તેમ છતાં, આવી તફાવત ફી, સ્થાનિક યાતાયાત અને નિયમ ૧૩ હેઠળ નીચા ટોલ દરની સવલત મેળવનાર વારંવારના ઉપયોગ કર્તાને લાગુ પડશે નહીં.

૮.૨ આ હેતુ માટે દરેક કન્સેશનર દિવસમાં છ કલાકથી વધુ નહી એટલો સમય ભીડના સમય તરીકે અને તેનાથી બમણો જેટલો સમય ભીડ સિવાયના સમય તરીકે નિર્દિષ્ટ કરી શકશે. ભીડના સમય દરમિયાન, કન્સેશનર લાગુ પડવાપાત્ર ફીના ૨૫% (પચીસ ટકા) સુધીનું અથવા જીએસઆરડીસીના હુકમ પ્રમાણેનું આવું ઊંચું પ્રિમિયમ નકકી કરી શકશે અને ઉઘરાવી શકશે. સાથે સાથે, ભીડના સમયે આવું પ્રિમિયમ વસૂલતી વખતે આવા કન્સેશનર, ભીડના કલોકોના પ્રિમિયમથી બમણા જેટલા દરની છૂટ ભીડ સિવાયના સમય માટે આપશે. શંકાના નિવારણ માટે, તફાવતની ફીનું નિર્ધારણ પરિયોજના ધોરીમાર્ગના ટોલ પ્લાઝા ખાતે ઉપયોગ કર્તાના પ્રવેશના સમયને ધ્યાનમાં લઈને કરવામાં આવશે.

૮.૩ જો તફાવતની ફીનું નિર્ધારણ અને ઉઘરાણી કન્સેશનરના ટોલની આવકના વધારામાં પરિણમશે, તો તફાવત ફી ને કારણે થતી દરેક વર્ષની વધારાની આવકના ૮૦% કન્સેશનર સરકારશ્રી ધ્વારા નિયત કરાતાં અલગ ભંડોળમાં જમા કરાવશે અને સંબંધિત કન્સેશન કરાર અન્વયે સરકાર ધ્વારા નકકી કરાતી ઉપયોગકર્તાઓ માટેની વધારાની સવલતો ઉભી કરવા વપરાશે. આ નિયમ ૮.૩ ના હેતુ માટે, તફાવત ફીમાંથી મળતી વધારાની આવક એટલે આ નિયમ ૮ હેઠળ લાગુ કરાયેલ તફાવત ફી થી એકઠી કરાયેલ કુલ રકમ બાદ જો કન્સેશનર ધ્વારા આ નિયમ ૮ હેઠળ તફાવત ફી લાગુ કરવાનો વિકલ્પ ન સ્વીકારેલ હોત તો લાગુ પાત્ર ટોલ ચાર્જથી થયેલ કુલ આવક; તેમ ગણવાની રહેશે.

## ૯. વધારાના ટોલ પ્લાઝાઃ

કન્સેશનર તેમના વિવેકાધિકારથી, આ નિયમો હેઠળ ચુકવવામપાત્ર માર્ગકર ચાર્જીસ થી બચવા માટે પ્રોજેકટ હાઈવેના પ્રવેશ માર્ગો(એપ્રોચ રોડઝ) નો ઉપયોગ કરતાં વાહનોનું ચેકીંગ કરવાના હેતુથી, પ્રોજેકટ હાઈવે ઉપર, માર્ગકર ઉઘરાવવા માટે વધારાના પોઈન્ટસ અને પ્રવેશ અવરોધો(એન્ટ્રી બેરીયર્સ) ઉભા કરી શકાશે, પરંતુ માર્ગકર ઉઘરાવવા માટેના આવા વધારાના પોઈન્ટસ અથવા પ્રવેશ –અવરોધો કોઈપણ ટોલ પ્લાઝાની બાજુએ લગભગ ૧૦(દસ) કી.મી. થી વધુ અંતરે ઉભા કરી શકાશે નહી.

## ૧૦. મુકિત આપવામાં આવી હોય તેવાં વાહનોઃ

આ અનુસૂચિત/ફી અંગેના જાહેરનામામાં નિર્દીષ્ટ કરવામાં આવ્યા હોય એવા વાહનોને માર્ગકર ચુકવવામાં મુકિત આપવાની રહેશ.

## ૧૧. સ્થાનિક યાતાયાત/અવરજવર માટે મુકિતઃ

જે વાહન પરિયોજનાના ભાગનો ઉપયોગ કરતું હોય અને ટોલ પ્લાઝા પાર કરતું ન હોય તેની પાસેથી કોઈ ચાર્જની વસૂલાત અથવા ઉઘરાણી કરવાની રહેશે નહી.

કન્સેશનર, સ્થાનિક યાતાયાત જે દિવસ દરમિયાન એક થી વધારે ટોલ પ્લાઝા પાર કરતું ન હોય તેમના પાસેથી કોઈપણ ચાર્જ વસુલ કરશે નહી. અને તે પરિયોજના ધોરીમાર્ગ ઉપર અવરજવર કરવા માટે લોકલ પાસ કાઢી આપશે.

કન્સેશનર, સ્થાનિક યાતાયાત માટે સંબંધિત વાહન, જો તે વાહન પરિયોજના ધોરીમાર્ગ ઉપર એક વખત ફેરો/ ખેપ કરતું હોય તેવા એક ફેરા માટે ચૂકવવાપાત્ર ફીથી પાંચગણી જેટલી ફી પાસ આપવાના અને સ્થાનિક યાતાયાત/અવરજવરની સંભાળ લેવાના ખર્ચની વસૂલાત માટે વસૂલ કરીને, સ્થાનિક ઉપયોગ કર્તા, (ક) તહેસિલદાર/નાયબ તહેસિલદાર/ તાલુકા વિકાસ અને પંચાયત અધિકારીના રહેઠાણના પ્રમાણપત્રતરીકેના આવા પુરાવા અથવા રેશન કાર્ડ અથવા મતદાર

ઓળખપત્ર, (ખ) આવો પાસ જરૂરી હોય એવી અંગત મોટરગાડીની નોંધણીના કાગળો સાથે લિખિત અરજી કરે તો તેમને માસિક પાસ આપશે. ક.વળ સ્થાનિક ઉપયોગ કર્તાના નામે નોંધાયેલી મોટરગાડી અને રહેઠાણના ઉકત પુરાવામાં નિર્દિષ્ટ સરનામું ધરાવતી ગાડી જ માસિક પાસ માટે પાત્ર ઠરશે. રહેઠાણના પુરાવા અને નોંધણીના કાગળો રજૂ કર્યે કન્સેશનર તેમની એક નકલ રાખશે અને મૂળ દસ્તાવેજો તરત જ પરત કરશે.

૧૨. **સેવા માર્ગ (સર્વિસ રોડ) ની જોગવાઈ પછી**

આ નિયમોમાં કોઈ પણ જોગવાઈ હોય તેમ છતાં, સ્થાનિક યાતાયાત/ અવરજવર (મોટર સાઈકલ અને ટ્રેકટર) ધ્વારા મફત ઉપયોગ માટે સેવા માર્ગ/સર્વિસ રોડના બાંધકામ થવાની બાબતમાં, આવી અવરજવર મુખ્ય પરિવહન માર્ગ (મેઈન કેરેજવે) ના ઉપયોગ કરવા માટે ફીની ચુકવણી કરવાપાત્ર ઠરશે.

૧૩. **વારંવાર ઉપયોગ કરનારા માટે કન્સેશન / વળતર ફી**

કન્સેશનર, કોઈ પણ વ્યકિતની વિનંતીથી સંબંધિત વાહન પરિયોજના ધોરીમાર્ગ પર એક વાર એકમાર્ગી ફેરો કરવાનું હોય તો તે માટે ચૂકવવાપાત્ર ફીના ૧૬૦% (અકસો સાંઈઠ ટકા) જેટલી રકમની ચુકવણીથી પરત પાસ (રિટર્ન પાસ) આપશે.

કન્સેશનર, કોઈપણ વ્યકિતની ૨૦ કે તેથી વધુ એકમાર્ગી ટોલ ટિકિટ આપવા અંગેની વિનંતીથી સંબંધિત વાહન માટે ચૂકવવાપાત્ર ફીના ૮૦% (એંસી ટકા) જેટલા રાહત દરે આવી ટિકિટ આપશે. આવી રાહત–ટિકિટ નિર્દિષ્ટ વાહનને એક માસ (કેલેન્ડર માસ) ના ગાળા દરમિયાન કોઈપણ સમયે પરિયોજના ધોરીમાર્ગ ઉપર દરેક એકમાર્ગી ફેરા વખતે એક ટિકિટનો ઉપયોગ કરીને જવા માટે હકદાર ઠરાવશે.

૧૪. **ફીની ચોરી માટે વધારાના ચાર્જ**

કોઈપણ વાહન જરૂરી ફીની ચુકવણી વિના પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરે તેવા કિસ્સામાં કન્સેશનર, લાગુપાડવાપાત્ર કાયદો અને પરવાનગીઓને અધીન રહીને આવાં વાહન અંગેની જરૂરી ફી અને પરિયોજના ધોરીમાર્ગના અનધિકૃત ઉપયોગ કરવાથી પૂર્વનિયુકત પૂર્વનિર્ધારિત નુકશાન અંગે સમાન રકમ નકકી કરવા અને વસૂલ કરવા હક્કદાર રહેશે. પરંતુ, આવી ફી અને પૂર્વનિયત નુકસાન્ના નિર્ધારણ અને વસૂલાત કન્સેશનરના જોખમે અને ખર્ચે કરવાની રહેશે અને જીએસઆરડીસી કોઈ પણ રીતે તે બાબતમાં જવાબદાર ઠરશે નહી. વધુમાં, અતિલાદણ (ઓવર લોડિંગ) ની જાણ થતાં કન્સેશનર આવા વાહનમાંથી વધારાનો વજન દૂર કરાવવામાં ન આવે ત્યાં સુધી વાહનને પરિયોજનાનો ઉપયોગ કરતાં અટકાવશે અને જીએસઆરડીસી, કનસેશનરના પક્ષે

આવા વાહન અથવા આવું વાહન ચલાવતી વ્યકિતની બાબતમાં કોઈ ચૂક અથવા ત્રુટિ માટે જવાબદાર ઠરશે નહી.

**૧૫. ઓવર લોડિંગ કરેલાં વાહનો માટે વધારાની ફી**

ઉકત ખંડ ૧૪ ની જોગવાઈઓને અધીન, અને લાગુપાડવાપાત્ર કાયદા હેઠળ ઉભી થયેલી જવાબદારીને બાધ આવ્યા સિવાય, આવા કાયદામાં નિયત કરેલી પરવાનગીપાત્ર મર્યાદાથી વધુ વજન ભરેલા આવા કોઈ વાહનને ચલાવતી કોઈ પણ વ્યકિતને કન્સેશનર, આ પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરવા દેશે નહી. સાથે સાથે આવી વ્યકિતએ, આવા ઉપયોગથી પરિયોજનાને નુકશાન, બગાડ થયો હોય તેના બદલામાં વધારાની ફી (એડિશનલ ફી) ની ચુકવણી કરવાની રહેશે. આ વધારાની ફી નીચેના કરતાં વધવી જોઈએ નહી:–

(ક) આવા વાહનમાં પરવાનગીપાત્ર વજનથી ૧૦% વજન વધતું હોય તો ફીના ૫૦% (પચાસ ટકા), પરંતુ પરવાનગીપાત્ર વજનના ૨૦% (વીસ ટકા) થી વધવું જોઈએ નહી, અને

(ખ) આવા વાહનમાં પરવાનગીપાત્ર, વજનથી ૨૦% (વીસ ટકા) થી વજન વધતું હોય તો ફીના ૧૦૦% (સો ટકા).

પરંતુ, વધારા ફી કન્સેશનર ધ્વારા દરેક ટોલ પ્લાઝા પર મુકાતા માન્યતાપ્રાપ્ત સ્થિર વજનકાંટા (સ્ટાન્ડર્ડ સ્ટેટિક વેઈંગ મશીન) થી માપીને ખરેખર એકંદર વાહન વજનના આધારે વસૂલ કરવાની રહેશે.

વધુમાં, કનસેશનરે વધારાની ફીનું નિર્ધારણ અને વસૂલાતનું નિયમન અને અમલ તેમના જોખમે અને ખર્ચે કરવાનાં રહેશે અને આવી વધારાની ફીની પૂરેપૂરી અથવા તો તેના ભાગની કોઈપણ કારણસર અથવા તેને લગતી બાબતમાં વસૂલાત કરવામાં અક્ષમતા કે નિષ્ફળતાની બાબતમાં જીએસઆરડીસીના સામે કોઈ દાવો કરી શકશે નહી.

**૧૬. ફીના દરનું પ્રદર્શનઃ**

કન્સેશનર પરિયોજના ધોરીમાર્ગની શરૂઆતમાં અને ટોલ પ્લાઝાની નજીક, પરિયોજના ધોરીમાર્ગની બંને બાજુથી આવતા ઉપયોગ કર્તાઓની જાણ માટે લાગુ પડતા દર યોગ્ય રીતે દર્શાવશે.

કન્સેશનરે વખતો વખત લાગુપાડવાપાત્ર ફી અને તેની ગણતરી અંગે જીએસઆરડીસીને જાણકારી આપવાની રહેશે. આવી માહિતી, ફી જાહેરનામા હેઠળ અને તેને અનુસાર ફીની સુધારણાની દિવસથી ઓછામાં ઓછા ૧૫ દિવસ પહેલાં જણાવવાની રહેશે.

કન્સેશનર, આ ફી– જાહેરનામા હેઠળ ચૂકવવાપાત્ર ફીના દરથી વધુ રકમનો કોઈ સુધારો,પ્રદર્શન અથવા વસૂલાત કરશે નહી. કન્સેશનરે અથવા તેમના વતી વધારાની રકમો વસૂલ કરવામાં આવી હોય તેવા કિસ્સામાં, તેમને જીએસઆરડીસીની આવા મતલબની નોટિસ મળતાં જીએસઆરડીસીને આવી વધારાની રકમ તેના ૨૫% (પચીસ ટકા) જેટલા નુકશાન સાથે રિફંડ (પરત) કરવાની રહેશે.

ફીના દર, ફીની ચુકવણીમાંથી મુકિત આપવામાં આવી હોય તેવાં વાહનોની કક્ષા અને કોઈ ફરિયાદ હોય તો, જે કન્સેશનરને ફરિયાદ કરવાની હોય તે કન્સેશનરનું નામ, સરનામું અને ટેલિફોન નંબર, ટોલ બૂથની પહેલા ૫૦૦ મીટર, ટોલ બૂથની પહેલાં ૧૦૦ મીટર અને ટોલ બૂથ ખાતે પણ તરત નજરે ચડે તેમ અને આગળ પડતા ભાગે દર્શાવનાં રહેશે અને સૂચના બોર્ડની ઉંચાઈ અને અક્ષરોનું કદ એવું હોવું જોઈએ કે વાહન ચાલકોને આ સૂચના વાચવાનું સરળ બની રહે અને આવાં બોર્ડ, અંગ્રેજી, હિન્દી અને આ અનુભાગ જે વિસ્તારમાં આવતો હોય તે વિસ્તારની પ્રાદેશિક ભાષામાં સુવાચ્ય રીતે લખાયેલાં હોવાં જોઈએ.

**૧૭. ટોલ ચાર્જને પૂરા/ આખા અંકમાં તબદીલ કરવા**

આ નિયમો હેઠળ દરેક વાહન પાસેથી વસૂલ કરવાના ટોલ ચાર્જ નજીકના પાંચ રૂપિયામાં તબદીલ કરવામાં આવશે.

૧૮. કન્સેશનર, ફી વસૂલાતના પ્રભારી તરીકે એક અધિકારીની નિયુકિત કરશે. કન્સેશનર અને ઉકત અધિકારી પણ સંમત થયેલા દરથી વધુ દરે ફી વસૂલ કરવામાં આવતી નથી, અને માર્ગના ઉપયોગ કર્તાઓને માટે અકારણ મુશ્કેલી ઉભી કર્યા વિના સરળતાથી વસૂલ કરવામાં આવે છે અને તે સાથે સંકળાયેલી તમામ બાબતોની ખાતરી કરવા જવાબદાર છે.

૧૯. કન્સેશનર, આ જાહેરનામાનો સાર અને કન્સેશન કરારમાં જોગવાઈ કર્યા પ્રમાણે વારંવાર ઉપયોગ કરનારા માટે છૂટછાટના દરની યોજના અને આ જાહેરનામાની જોગવાઈ પ્રમાણે વાણિજિયક સંચાલનની તારીખ સાથે બે સ્થાનિક વર્તમાનપત્રોમાં (જેમાનું એક સ્થાનિક ભાષનું રહેશે) પ્રસિધ્ધ કરશે, આ જાહેરનામા અનુસાર સુધારેલી ફીને અમલમાં મૂકતાં પહેલાં આવા સારનું પુનરાવર્તન કરવાનું રહેશે.

**૨૦. અનધિકૃત વસૂલાત**

કન્સેશનર, કોઈ વ્યકિત પાસેથી મળવાપાત્ર ન હોય અને અહીં ચૂકવવાપાત્ર ન હોય એવી રકમ વસૂલ કરે તેવા કિસ્સામાં, કન્સેશનર, આવી રીતે વસૂલ કરેલી રકમ ઉપર વસૂલાતની તારીખથી રકમ પરત કર્યાની તારીખ સુધી દરેક દિવસ દીઠ ૩% (ત્રણ ટકા) ની રકમ સહિત આવી રકમ આવી વ્યકિતને નુકશાની ઉપાય તરીકે તરત જ પરત કરવા જવાબદાર રહેશે. ઉપર જણાવેલી રીતે નુકશાન સહિત

ગણવામાં આવેલી રકમ આવી વ્યકિતને કોઈ પણ કારણ સર ચૂકવવામાં ન આવે તેવા કિસ્સામાં તે રકમ આવી વસૂલાતની તારીખથી ૧૫ (પંદર) દિવસમાં જીએસઆરડીસી ખાતે જમા કરવાની રહેશે.

નિયમ ૨૦ હેઠળ કન્સેશનરે ચૂકવવાની રકમને લગતા કોઈ પણ વિવાદનું નિરાકરણ જીએસઆરડીસી ધ્વારા કરવામાં આવશે.

ટોલની વસૂલાત અંગેની બાબતમાં કોઈ વ્યકિત નારાજ થાય તો તે જીએસઆરડીસીને ફરિયાદ કરી શકે. જીએસઆરડીસી આવી ફરિયાદ અંગે ૧૫ (પંદર) દિવસની મુદતમાં આદેશો આપશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એ. એન. મિસ્ત્રી)
ખાસ ફરજ પરના અધિકારી,
માર્ગ અને મકાન વિભાગ,
ગુજરાત સરકાર.

<u>નકલ રવાના:–</u>

૧. વહીવટી સંચાલકશ્રી, ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિ., નિર્માણ ભવન, ગાંધીનગર.
૨. કલેકટરશ્રી, અમદાવાદ જિલ્લો
૩. કલેકટરશ્રી, સુરેન્દ્રનગર જિલ્લો
૪. કલેકટરશ્રી, મોરબી જીલ્લો
૫. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ
૬. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર
૭. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી,મોરબી
૮. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન પ્રભાગ, અમદાવાદ
૯. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન પ્રભાગ, સુરેન્દ્રનગર
૧૦.કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન પ્રભાગ, મોરબી
૧૧.સહી કરનાર અધિકૃત વ્યકિત મે. એલ. એન્ડ ટી અમદાવાદ–માળીયા ટોલ વે લિમીટેડ
૧૨.ખાનગીકરણ શાખા, માર્ગ અને મકાન વિભાગ

**(મૂળ અંગ્રેજીનો અનુવાદ– ફકત વર્તમાનપત્રો તેમજ નિગમ અને મા.મ. વિભાગની વેબસાઈટ પર પ્રગટ થવા માટે)**

**(મૂળ અંગ્રેજી ફી નોટીફીકેશન www.gsrdc.com પર ઉપલબ્ધ છે)**